

**નિરંકુશ રખડતી ગાયો :** હિંમતનગર શહેરમાં રખડતી ગાયોનો ત્રાસ અસહ્ય બન્યો છે. શહેરના મહેતાપુરાથી પાણપુર પાટિયા, મહાવીરનગરથી છાપરિયા, મોતીપુરા બસ સ્ટેશન પાસે, ટાવરચોક વગેરે વિસ્તારોના મુખ્ય માર્ગોની વચ્ચો-વચ્ચ રખડતી ગાયો અડીંગો જમાવી બેસે છે કે પછી રોડ ઉપર ટોળાબંધ મ્હાલે છે. જેની ચાડી ખાતી ઉપરોકત તસવીર. આ પ્રશ્નના કારણે અવાર-નવાર દ્વિચક્રી વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે.
આ અંગે પાલિકાને રજૂઆત કરવામાં આવે કે અખબારો દ્વારા તસવીર સાથે અહેવાલો પ્રસિધ્ધ કરવામા આવે તો પાલિકાનું રખડતાં ઢોર નિયંત્રણ ખાતુ ગાડી તથા સ્ટાફ સાથે શહેરમાં ચક્કર મારી પાંચ દસ ગાયો પકડી ફરજ પૂર્ણ કર્યાનો સંતોષ વ્યકત કરે છે. પરંતુ શહેરીજનો માટે માથાના દુઃખાવારૂપ બનેલ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા રખડતી ગાયોના માલિકો સામે કડક કાર્યવાહી કરે તેવું લોકો ઈચ્છી રહયા છે. (તસવીરઃ ઈસ્હાક શેઠ,હિંમતનગર)

### સત્તાપક્ષ અને વિપક્ષ સાથે ૯-૯ સદસ્યો છતાં

# પ્રાંતિજ પાલિકામાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખનો તાજ ભાજપ પાસે જ !

### ઉષાબેન બ્રહ્મભટ્ટનું મેન્ડેટ ખુલતા પ્રતિસ્પર્ધા જૂથમાં સન્નાટો

(સંવાદદાતા દ્વારા)

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ નગરપાલિકામાં ગત અઢી વર્ષનું શાસન ભાજપ માટે ભારરૂપ રહ્યું હતું હવે, આગામી અઢી વર્ષ માટે મહિલા પ્રમુખ ચૂંટવા આજે પાલિકામાં સામાન્ય સભા મળી હતી. જેમાં પક્ષના મેન્ડેટ મુજબ શ્રીમતી ઉષાબેન નિત્યાનંદ બ્રહ્મભટ્ટ હરીફ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જેઓને વિજયને ગુલાલ-ફટાકડા ફોડી વધાવવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ન.પા.ના સભાખંડમાં અઢી વર્ષની મુદત માટે મહિલા અનામત સીટ ઉપર પ્રમુખ ચૂંટવા માટેની બેઠક આજે ચૂંટણી અધિકારી શ્રી એન.એસ. જાદવના અધ્યક્ષ સ્થાને મળી હતી. સભા શરૂ થતા પહેલા ભારતીય જનતા પક્ષનું મેન્ડેટ મહામંત્રી વિજય પંડ્યાએ રજૂ કરતાં શ્રીમતી ઉષાબેન નિત્યાનંદ બ્રહ્મભટ્ટનું નામ ખુલ્યું હતું. જેના પગલે ભાજપના જ મહિલા પ્રતિસ્પર્ધી શ્રીમતી સોનલબેન પી. મોદીના સમર્થકોમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

તો મેન્ડેટ આધારે ઉષાબેનનું ફોર્મ ભરાતા અને સમય મર્યાદામાં અન્ય કોઈ ફોર્મ રજૂ ન થતાં તેઓને બાકીના અઢી વર્ષ માટે પ્રાંતિજ ન.પા.ના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. અગાઉના અનુભવના આધારે આજે સવારથી જ પ્રાંતિજ તથા હિંમતનગરની પોલીસ દ્વારા ન.પા. ફરતે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. તેમજ આજુબાજુની દુકાનો પણ બંધ કરાવી દીધી હતી. આ ચૂંટણી ટાણે પ્રાંતિજ પી.આઈ. એસ.બી. કુંપાવત, પો.સ.ઈ. બી.એ. સોલંકી પોતાના પોલીસ જવાનો સાથે ખડે પગે હાજર રહ્યા હતા. જ્યારે ચૂંટણી અધિકારી શ્રી એન.એસ. જાદવ, પ્રાંતિજ મામલતદાર ડો. દિગંત બ્રહ્મભટ્ટ, ચીફ ઓફિસર શ્રી સંદિપ ડી. પટેલ તથા પ્રાંત કચેરીમાંથી અર્જુનસિંહ કે. મકવાણા હાજર રહ્યા હતા.

### મહિલા અનામત સીટ છતાં વિપક્ષના શબ્બીરખાને ઉમેદવારી ફોર્મ ભર્યું !

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ પાલિકાના પ્રમુખની ચૂંટણી પ્રક્રિયાનો આજે સવારે સભાખંડમાં પ્રારંભ થયો હતો. ત્યારે મહિલા અનામત પ્રમુખપદ હોવા છતાં સૌપ્રથમ ઉમેદવારી ફોર્મ વિરોધપક્ષના નેતા શબ્બીરખાન યુ. ઘોરીએ ભરતા સત્તાપક્ષ તથા અધિકારી વર્ગમાં સોંપો પડી ગયો હતો.

શ્રી ઘોરીએ ચૂંટણીના જાહેરનામામાં બેઠકનો પ્રકાર જણાવવામાં આવેલ ન હોઈ કાનૂની મુદ્દો ઉભો કર્યો હતો. છતાં અધિકારીએ પોતાના જાહેરનામાને વળગી રહી તેઓનું ઉમેદવારી પત્ર અમાન્ય ઠેરવ્યું હતું.

પ્રાંતિજ નગરના રાજકીય પંડિતોમાં થતી ચર્ચા અનુસાર કુલ સભ્યોમાં ૯ કોર્પોરેટરો ભાજપ સાથે જ્યારે ૯ કોર્પોરેટરો વિપક્ષ સાથે હોવા છતાં વિપક્ષ તરફથી પ્રમુખ માટેનું ફોર્મ રાજકીય વ્યૂહરચનાના ભાગરૂપે જ ન ભરાયાની ચર્ચાઓ સાંભળવા મળતી હતી. જેને રાજકીય માસ્ટર સ્ટ્રોક ગણાવાઈ રહ્યો છે.

### મુવાડીમાં સામાન્ય બાબતે એકનું મોત

# ગોધરાના રીંછીયામાં આડા સંબંધના વહેમે શંકાશીલ પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી

(સંવાદદાતા દ્વારા)

ગોધરા,તા.૪

ગોધરા તાલુકાના રીંછીયા ગામે રહેતી પરિણીતાનો પતિ આડા સંબંધનો વહેમ રાખતો હતો. જેથી પરિણીતા રીસાઈને તેના બનેવીના ઘરે જતી રહી હતી.

આથી પતિએ પરિણીતાને ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારી હતી.

જ્યારે ઘોઘંબા તાલુકાના સિહોરાની મુવાડી ગામે રહેતા એક વ્યકિતના ખેતરમાં ભેંસો રોપેલી ડાંગર ખાઈ ગઈ હતી. જેથી કહેવા જતા લોખંડની પાઈપ મારતા એક વ્યકિતનું મોત થયું હતું.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર શારદાબેનના પ્રેમ લગ્ન ગોધરા તાલુકાના રીંછીયા ગામે રહેતા રમેશભાઈ રૂપસિંહ બારિયા સાથે થયા હતા. તેમનું લગ્ન જીવન સુખરૂપી પસાર થતુ હતું. પરંતુ શારદાબેનનો પતિ રમેશ બારિયા શંકાશીલ હતો અને તેણી આડા સંબંધ રાખે છે તેવો શક રાખતો હતો આથી શારદાબેન રિસાઈને તેના બનેવી કે જેઓ મોરવા તાલુકાના સુલીયા ગામે રહેતા દલપતસિંહ સાયબાભાઈ પટેલના ઘરે દસ દિવસ અગાઉ જતી રહી હતી. ત્યારબાદ રમેશભાઈ બારિયાએ તેની પત્ની શારદાબેન સાથે ઝઘડો તકરાર કરી છાતીના ભાગમાં ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારી નાખતા ચકચાર મચી જવા પામી છે.

મોરવા હડફ તાલુકા પોલીસ મથકે દલપતભાઈ સાયલાભાઈ પટેલ (રહે.સુથાર ફળિયુ તા મોરવા) ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજા બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ઘોંઘંબા તાલુકાના સિહોરાની મુવાડી ગામે દિપાભાઈ ઝીણાભાઈ જાદવનું ખેતર આવેલ છે. અને ખેતરમાં રોપેલી ડાંગર પ્રવિણસિંહ કામસિંહ જાદવ (રહે.સિહોરાની મુવાડી)ની ભેંસો ખેતરમાં આવી જઈ ડાંગર ખાઈ ગઈ હતી. જેથી દિપાભાઈ કહેવા માટે ગયા હતા ત્યારે પ્રવિણસિંહ જાદવ એકદમ આવેશમાં આવી ગયો હતો. અને ગત તા.૩ના રોજ સવારના નવ વાગ્યાના અરસામાં લોખંડની પાઈપ લઈ પ્રવિણસિહં જાદવે દિપાભાઈ જાદવના બરડાના ભાગે માર માર્યો હતો. અતિ ગંભીર ઈજાઓ થતાં દિપાભાઈ જાદવનું મોત થયું હતું. રાજગઢ પોલીસ મથકે સુધાબેન નરવતભાઈ જાદવ (રહે. ભીલોડ)એ ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સિદ્ધપુર નજીક ટ્રક સાથે જીપ અથડાતા પાંચ મુસાફરને ઈજા

(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૪

સિદ્ધપુર નજીક ટ્રક સાથે જીપ અથડાતા પાંચ મુસાફરોને ઈજા થવા પામી હતી.પોલીસ સૂત્રો તરફથી મળેલ માહિતી મુજબ સિદ્ધપુરથી જીપમાં પેસેંજર ભરીને ઉંઝા તરફ જઈ રહયા હતાં તે દરમ્યાન ખળી ચાર રસ્તા પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહયા હતાં પાછળથી આવતા એક ટ્રક નંબર જી.જે.૨ વાય ૫૬૨૯ વળાંક લેવા જતા જીપ સાથે ધડાકા ભેર ટકરાતા તેમાં બેઠેલા મુસાફરોને ઈજાઓ થઈ હતી જેમાં અંકિતભાઈ પ્રવિણભાઈ નટ (ઉ.વ.૮) અલિપુરા, સિદ્ધપુર, કેશરબેન ફતેસિંહ નટ (ઉ.વ.૪૦) અલિપુરા, સિદ્ધપુર, મેનાબેન છપનભાઈ પટણી (ઉ.વ.૫૦) રાજપુર, સિદ્ધપુર, સુભાષભાઈ પટણી (ઉ.વ.૧૮) રાજપુર, સિદ્ધપુર અને રાજુભાઈ અમથાભાઈ પટણી (ઉ.વ.૨૦) રાજપુર, સિદ્ધપુરના ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે વધુ તપાસ એ.એસ.આઈ.દેસાઈ ચલાવી રહયા છે.

### ચેપી હોવાથી ઝડપથી ફેલાઈ રહયો છે

# ખેડા જિ.માં આંખોના રોગચાળાએ માથું ઉંચકતા પ્રજા મુશ્કેલીમાં

(સંવાદદાતા દ્વારા)

નડીઆદ,તા.૪

ખેડા જિલ્લામાં છેલ્લા દસ દિવસથી વધુ એક રોગચાળો એટલે કે અખિયા મિલાકે (આંખોનો દુખાવો) માથું ઉંચકી રહયો છે. આખોથી ફેલાતા આ ચેપ વધુ ઝડપથી ફેલાઈ રહયો છે. જિલ્લામાં આ રોગથી ઘણા લોકો પરેશાન બની ગયા છે. લોકો આ રોગથી બચવા ગોગલ્સનો સહારો લઈ રહયા છે.

નડિયાદ તાલુકા સહિત જિલ્લાના વિવિધ ગામોમાં છેલ્લા દસ દિવસથી આંખ લાલ થઈ સખત દુખાવો થતો તથા પાણી નીકળવું જેવા લક્ષણો ધરાવતા આંખોના રોગચાળાએ માથું ઉંચકયું છે.

આ રોગચાળામાં નાનાં મોટા સૌ કોઈ સપડાઈ રહયા છે. રોગગ્રસ્ત વ્યકિતની આંખમાં જોવાથી તરત તેનાં વાયરસ સામે વાળા વ્યકિતની આંખોમાં જતો રહે છે.

આંખોનાં ચેપવાળા વ્યકિતએ કોઈ રૂમાલ કે વસ્તુનો ઉપયોગ કર્યો હોય અને અન્ય વ્યકિત તે વસ્તુનો ઉપયોગ કરે તો પણ આ રોગ લાગવાની શકયતા રહેલી છે. ખેડા જિલ્લામાં આ રોગથી બચવા લોકો ગોગલ્સનો ઉપયોગ કરી રહયા છે. તબીબો તો ખાસ કહે છે. જેને આંખોનો આ ચેપ લાગ્યો હોય તેણે ગોગલ્સ ધારણ કરી રાખવા આરામ કરવો તથા આંખમાં નિયમિત તબીબોની સલાહ મુજબ દવા નાંખવી.

આ રોગચાળાને લઈને તબીબોનું એવું કહેવું છે કે દર્દીએ પોતાના હાથ ચોખ્ખા રાખવા વાંરવાર હાથ ધોવા,આંખે હાથ અડાડવાં નહીં તેમજ ચશ્મા પહેરી રાખવા અને તરત નજીકનાં આરોગ્ય કેન્દ્રમાં સંપર્ક કરવો.

### સમગ્ર જિલ્લાને હરિયાળો બનાવવા અનોખું અભિયાન

# બનાસકાંઠામાં ૬ હજાર સ્થળે ૧૧ લાખથી વધુ વૃક્ષનું વાવેતર

પાલનપુર, તા.૪

બનાસકાંઠા જિલ્લામાં ૧૧,૧૧,૧૧૧ વૃક્ષો વાવવાનો શુભારંભ જૂના ડીસા ખાતે વૈદિક મંત્રોચાર સાથે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજયના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી નરોત્તમભાઈ પટેલના હસ્તે થયો હતો.

આ પ્રસંગે નરોત્તમભાઈ પટેલે જણાવ્યું કે, સમગ્ર વિશ્વભરમાં આ મહા અભિયાનથી જિલ્લાને યશસ્વિ બનાવીએ બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષોનું ખૂબ જ ઓછું પ્રમાણ છે તે બાબતે જિલ્લા વહીવટીતંત્રએ અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડેલ આ મહા અભિયાન ખૂબ જરૂરી હતું તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, સમગ્ર જિલ્લામાં ૬૦૦૦ જેટલી જગ્યાઓએ એક જ દિવસે ૧૧,૧૧,૧૧૧ બાળતરૂઓના વાવેતરનો સંકલ્પ એ એક મહાયજ્ઞ સમાન છે.

આ પ્રસંગે કલેકટર આર.જે.પટેલે બનાસકાંઠા જિલ્લાનો આ જવલંત દિવસ ગણાવ્યો હતો. તેણે કહ્યું કે, સમગ્ર બનાસકાંઠામાં સવારના ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીમાં આ મહાઅભિયાનને પૂર્ણ સ્વરૂપ આપવાનું છે. આ પ્રસંગે સમગ્ર બનાસકાંઠાને હરિયાળો બનાસકાંઠા બનાવવા સૌને ભાવપૂર્વક અપીલ કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ ડાંગીયા અને જગાણા કર્મયોગી વન ખાતે વૃક્ષારોપણ કરાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ હરીભાઈ ચૌધરી, અગ્રણીઓ સર્વ ડો. કે.એસ.મોગરા, દિનેશભાઈ અનાવાડીયા, દોલતપુરી ગોસ્વામી ગીરીશભાઈ જગાણીયા કાર્યક્રમના સહાયક શાંતિલાલ બારોટ, બારોટ, બાબુભાઈ માળી, સરપંચ મુકેશભાઈ અનાવાડીયા જિલ્લા વિકાસ અધિકારી એમ.બી.પટેલ નાયબ કલેકટર સી.આર.સંગાડા, નાયબ વન સંરક્ષક એમ.એ.ચાવડા અગ્રણીઓ પદાધિકારીઓ અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વરૈયાનો ફરાર કેદી પાટણના દૂધાપુરા ગામેથી ઝડપાયો

ગોધરા, તા.૪

બળાત્કારના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો ખાનપુર તાલુકા વરૈયા ગામના ફરાર કેદીને પાટણ જિલ્લાના દૂધાપુર ગામેથી ઝડપી પાડી વડોદરાની મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે.

ખાનપુર તાલુકાના વેરૈયા ગામે ગત તા.૨૧-૩-૦૮ રોજ હોળીનો તહેવાર ટાણે હવસખોર શખ્સ મંગો ઉર્ફે મંગળભાઈ પ્રતાપભાઈ પગી સગીર બાળા ઉપર બળાત્કાર કરી નાશી છૂટયો હતો. જે બાબતે બાળાની માતાએ પોલીસ ફરિયાદ આપી હતી. જે કેસમાં તેને આજીવન કેદની સજા થતાં તે વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા ભોગવતો હતો.

દરમ્યાન ગત તા.૫-૪-૨૦૧૦ના રોજ મંગો ઉર્ફે મંગળા પગીની ફર્લો રજા મંજૂર થઈ હતી. જે પૂરી થયા બાદ પરત જેલમાં હાજર થવાના બદલે નાશી છૂટયો હતો. જેની તપાસ પંચમહાલના પેરોલ સ્કવોર્ડે અઠવાડિયાની તપાસ બાદ બળાત્કારી મંગો દૂધાપુરા ગામમાં હોવાનું ખાતરી થતાં તા.૪-૯-૨૦૧૦ની વહેલી સવારે છટકું ગોઠવી આબાદ ઝડપી લીધો હતો. દૂધાપુરા ગામે તે પોતાનું નામ વિક્કો ઉર્ફે વિક્રમ રાખીને છેલ્લા ચાર-પાંચ માસથી છુટક મજૂરી કરતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. તેનો ભાઈ મહેશ પગી પણ બળાત્કારના ગુનામાં જેલમાં છે. તેને પોલીસ જાપ્તા હેઠળ પરત વડોદરાની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપી હાશકારો અનુભવ્યો હતો. હજુ વધુ ચાર આરોપીઓ પંચમહાલ જિલ્લાના નાસતા ફરતા હોવાનું વધુમાં પોલીસે જણાવ્યું હતું.

## કડાણા : દૂધ ઉત્પાદક મંડળીના કર્મી સામે ઉચાપતની ફરિયાદ

ગોધરા,તા.૪

મળતી માહિતી મુજબ કડાણા તાલુકાના સાલીયા બીડ ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ફરજ બજાવતા શૈલેષભાઈ સોમાભાઈ પટેલે ગત ૧ એપ્રિલ ૨૦૧૦થી ૩૧ જુલાઈ ૨૦૧૦ના સમયગાળામાં દૂધ મંડળીમાં ખોટા દસ્તાવેજો અને તેમજ ખોટી પહોંચો બનાવી ખોટા હિસાબો રજૂ કરી રૂા. ૯૨૨૧૬-ની મત્તાની ઉચાપત કરી હતી અને નાણા પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હતા. ડીંટવાસ પોલીસ મથકે વિનુભાઈ રણછોડભાઈ પટેલે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શૈલેષભાઈ સોમાભાઈ પટેલની અટકાયતના ચક્રોગતિમાન કર્યા છે.

### ખેડૂતોના નામે બેંકમાંથી લોન મેળવી

# આણંદના વઘાસી પાસે ટ્રેકટર ડિલર કું.ના મેનેજર સામે ₹૩.૩૩ કરોડની ઉચાપતની રાવ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૪

આણંદ તાલુકાના વઘાસી પાટીયા નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮ પર આવેલ ટ્રેકટર ડીલર કંપનીનો મેનેજર ખેડૂતોના નામે બેંકમાંથી લોનો મેળવી તેમજ ખેડૂતો પાસેથી નાણાં લઈ ખેડૂતોને ટ્રેકટરની ડીલીવરી નહીં આપી બારોબાર ટ્રેકટર વેચી મારી ડીલર કંપનીમાંથી ૩.૩૩ કરોડ રૂા.ની ઉચાપત કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ શુક્રવારે સાંજે આણંદ ગ્રામ્ય પોલીસ મથકે નોંધાઈ છે.

બનાવની મળતી વિગતો અનુસાર વઘાસી પાટીયા નજીક આવેલી ચીખોદરા ટ્રેકટર્સમાં મેનેજર તરીકે ફરજ બજાવતા કિરણભાઈ વિષ્ણુ પ્રસાદ ઠાકરે ચીખોદરા ટ્રેકટર્સના ભાગીદારોનો વિશ્વાસ સંપાદન કરી લેતા ભાગીદારોએ ચીખોદરા ટ્રેકટર્સ કંપની હેઠળ મેસી-ફર્ગ્યુસન કંપનીના ટ્રેકટર વેચાણ કરવાનો ડીલરશીપનો તમામ વહીવટ મેનેજર કિરણ ઠાકરને સોંપી દેતાં મેનેજર કિરણભાઈ ઠાકરે ખેડૂતોએ ધિરાણથી ટ્રેકટર વેચવા માટે જુદી જુદી બેંકોમાંથી જંગી રકમના ધીરાણ લઈ ધીરાણની રકમ અંગત વ્યક્તિગત ઉપયોગમાં વાપરી નાખી તેમજ ખેડૂતો પાસેથી પણ નાણાં પડાવી ખેડૂતોને ટ્રેકટરની ડિલિવરી નહીં આપી ટ્રેકટરો બારોબાર વેચી મારી ગ્રાહકો સાથે હિસાબી ગોટાળા કરી કંપનીમાંથી ત્રણ કરોડ તેત્રીસ લાખ રૂા.જેટલી જંગી રકમની ઉચાપત કરતા ખેડૂતો તરફથી ફરિયાદો આવતા ચીખોદરા ટ્રેકટર્સના ભાગીદાર રાજેન્દ્રભાઈ મનોહરભાઈ ભાટીયા ચીખોદરા સર્વિસ સ્ટેશને મેનેજર કિરણભાઈ ઠાકર પાસે ટ્રેકટર વેચાણનો હિસાબ માંગતા તેઓ હિસાબ કરવાના વાયદાઓ કરી રાખી હિસાબ નહીં આપતા રાજેન્દ્રભાઈ મનોહરભાઈ ભાટીયા ચીખોદરા સર્વિસ સ્ટેશનએ મેનેજર કિરણભાઈ ઠાકર પાસે ટ્રેકટર વેચાણનો હિસાબ માંગતા તેઓએ હિસાબ કરવાના વાયદાઓ કરી નાખી હિસાબ નહીં આપતા રાજેન્દ્રભાઈ સહિત ભાગીદારીએ કિરણભાઈ ઠાકર પાસે હિસાબની ઉઘરાણી કરતા કિરણ ઠાકરે ગત તા.૧૩-૫-૧૦થી પેઢી પર આવવાનું બંધ કરી દેતા કંપનીના ભાગીદારોએ મેનેજરના વડોદરા સ્થિત મકાને તપાસ કરી હિસાબો માંગતા મેનેજર કિરણભાઈ ઠાકરે જો તમે મારી પાસે હિસાબ માંગશો તો ઝેરી દવા પી આત્મહત્યા કરી તમને બધાને જેલ ભેગા કરાવી દઈશ તેવી ધમકીઓ આપી હતી જે બાબતે રાજેન્દ્રભાઈ મનોહરભાઈ ભાટીયાએ શુક્રવારે આણંદ ગ્રામ્ય પોલીસ મથકે કિરણભાઈ વિષ્ણુપ્રસાદ ઠાકર રહે.૧૦ કાશી વિશ્વનાથ સોસાયટી લાલબાગ રોડ વડોદરા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ઉચાપતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વિજાપુર-વડનગર પાલિકામાં ભાજપના પ્રમુખ જ્યારે

# ખેરાલુમાં વિકાસમંચના ટેકાથી ભાજપના બળવાખોર પ્રમુખપદે ચૂંટાયા

(સંવાદદાતા દ્વારા)

મહેસાણા,તા.૪

મહેસાણા જિલ્લામાં આજે વિજાપુર,વડનગર અને ખેરાલુ નગરપાલિકામાં આગામી અઢી વર્ષ માટે નવા પ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં વિજાપુર અને વડનગર નગરપાલિકામાં ભાજપ જ્યારે ખેરાલુમાં વિકાસમંચના ટેકાથી ભાજપના બળવાખોર ઉમેદવાર પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

વિજાપુર નગરપાલિકામાં આજે યોજવામાં આવેલી સામાન્ય સભામાં પ્રાંત ઓફિસર બી.એમ. પ્રજાપતિ,ચીફ ઓફિસર એચ.પી.પાઠક અને પ્રમુખ મૂળચંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૨૧ સભ્યો પૈકી ભાજપના ૧૧ તથા કોંગ્રેસના પાંચ સભ્યો હાજર હતા. જ્યારે પાંચ સભ્યો ગેરહાજર રહયા હતા. દરમ્યાન મહિલા પ્રમુખ પદ માટે એકમાત્ર ભાજપના અશ્વિનાબેન કનુભાઈ કડીયાનું ઉમેદવારી ફોર્મ રજૂ થતાં તેઓને બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય કાંતીભાઈ પટેલ, ભાજપના જિલ્લામહામંત્રી રાજુ શુકલ વગેરે હાજર રહયા હતા.

ખેરાલુના અમારા પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે,૨૧ સભ્ય બળવાળી ખેરાલુ નગરપાલિકામાં ભાજપ, કોંગ્રેસ અને વિકાસમંચના સભ્યો ધરાવે છે. આજે યોજાયેલી ચૂંટણીમાં વિકાસમંચના ટેકાથી ઉમેદવાર બનેલા ભરતભાઈ કોદરભાઈ પટેલ સામે છેલ્લી ઘડીએ ભાજપે નરેશભાઈ સથવારાને ઉમેદવાર બનાવ્યા હતા. જેમાં મતદાન થતાં ૧૧ વિરૂદ્ધ ૧૦ મતે ભાજપના બળવાખોર ઉમેદવાર ભરતભાઈ પટેલ ખેરાલુ નગર પાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે વડનગરના પ્રતિનિધિના જણાવ્યાનુસાર પાલિકાના સભાખંડમાં પ્રમુખની આજે યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તારામતીબેન બાબુભાઈ પરમારને અપક્ષ સભાસદનો ટેકો પ્રાપ્ત થતાં સર્જાયેલી રાજકીય સ્થિતિને કારણે કોંગ્રેસના સભાસદોએ વોકઆઉટ કર્યો હતો. પરિણામે વડનગર નગરપાલિકાના પ્રમુખ તરીકે ભાજપના ઉમેદવાર તારામતીબેન પરમારનું એક જ ફોર્મ રજૂ થતાં તેઓને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આમ, છેલ્લા એક સપ્તાહથી જિલ્લાભરમાં વિજાપુર,વડનગર અને ખેરાલુ નગરપાલિકાના પ્રમુખપદ માટે થઈ રહેલી તમામ અટકળોનો આજે અંત આવ્યો હતો.

# પાલનપુરના વાસણ ગામે યુવાનની હત્યામાં બે આરોપીને આજીવન કેદ

પાલનપુર,તા.૪

દોઢેક વર્ષ અગાઉ પાલનપુર પાસેના વાસણના પરા ગામે રહેતો અને બી.સી.એ. કોલેજના વિદ્યાર્થી સંજય ચૌધરીની કરપીણ હત્યાના ચાર આરોપીઓ પૈકી બે જણને આજે પાલનપુરની ત્રીજી એડી. કોર્ટના ન્યાયાધીશે આજીવન કેદની સજા ફટકારાતા ચકચાર મચી છે. જો કે આ કેસના બે આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો હતો.પ્રાપ્ત વિગતો મુજબ તા.૪/૧/૦૯ના મહોર્રમના પર્વ નિમિત્તે વાસણના પરા ગામ તાજીયા જોવા બેસેલો સંજય વાઘજીભાઈ ચૌધરી નામના ૨૨ વર્ષીય યુવાનને ગામના જ ઠાકોર યુવાનો રમેશ ઉર્ફ રફો ચેલાજી ઠાકોર-સુરેશ ગોદડજી ઠાકોર તથા દેવાજી પ્રેમાજી ઠાકોર, લક્ષ્મણ ગોદડજી ઠાકોરે કહેલ કે કેમ અહીં બેઠો છે તેમ કહી બોલાચાલી થતાં મામલો ઉગ્ર બનતા રમેશ ઉર્ફે રફો ઠાકોરે સંજય ચૌધરીને પેટમાં છરો મારી પાડી દીધેલ જ્યારે અન્ય ઠાકોર યુવાનોએ તેને પકડી રાખી સુરેશ ઠાકોરે પીઠમાં છરા મારી હોબાળો થતાં નાસી છુટેલ. જેમાં સંજય ચૌધરીનું કરૂણ મોત નિપજયું હતું. આ કેસ આજે પાલનપુરની ત્રીજી એડી.કોર્ટમાં ચાલી જતાં કોર્ટ રમેશ ઉર્ફે રફો તથા સુરેશ ઠાકોરને આજીવન કેદની સજા તથા ૭૦૦૦ રૂપિયાનો દંડની સજા ફટકારાઈ હતી જ્યારે દેવાજી ઠાકોર તથા લક્ષ્મણ ઠાકોરને નિર્દોષ જાહેર કરાયા હતા.

### અંકલેશ્વર : દિનદહાડે મકાનમાં થયેલ ચોરી

અંકલેશ્વર,તા.૪

અંકલેશ્વર શહેરના કેશવ પાર્ક સોસાયટી વિસ્તારમાં આવેલ બાબાજી એપર્ા.માં રહેતા રેખાબેન દીલીપભાઈ પટેલ ગઈ તા.૩ના બપોરના ૩થી ૪ના ગાળામાં બહાર ગામ ગયા હતા તે દરમ્યાન કોઈક ચોર ઈસમ તેઓના ઘરના કબાટમાં મૂકેલા સોના-ચાંદીના દાગીના, મંગળસૂત્ર અન્ય દાગીના તથા રોકડા ૫૦૦૦ મળી કુલ ૪૬,૦૦૦ની મતાની ચોરી કરી ફરાર થઈ જતા રેખાબેને શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ એ.કે. પરમાર ચલાવી રહ્યા છે.

### પાનોલી જી.આઈ.ડી.સી.ની કંપનીમાં તસ્કરો ત્રાટકયા

અંકલેશ્વર,તા.૪

અંકલેશ્વર નજીક પાનોલી જી.આઈ.ડી.સી.માં ગુજરાત સીલીન્ડર પ્રા.લી. કંપનીના મેઈન ગેટનું તાળુ તોડી અંદર પ્રવેશેલા, તસ્કરોએ વેલ્ડિંગ મશીન નં.૩, ફીલ મશીન નં.૧, ગીયર બીલ નં ૩, શેષ બ્ટીલ નં.૧, રેકટી ફાયર લેવર નં.૩, મળીને કુલ ૩૭૫૦૦ની મશીનરીની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી હતી.બનાવ અંગે કંપનીના સંચાલક પ્રેમચંદ શુકલાએ તાલુકા પોલીસમાં ફરિયાદ કરતા પી.આઈ.આર.આર. પટેલે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ધાર્મિક કાર્યક્રમ

**ટંકારીઆમાં જશ્ને શબીનાની ઉજવણી**

ભરૂચ તાલુકાના ટંકારીઆ ગામે જામે મસ્જિદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ જશ્ને શબીનાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ અંગ્રેજી તા.૭ અને ૮ના રોજ રાત્રે યોજાશે. બહાર ગામથી આવતા મહેમાનો માટે શહેરી કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે એમ મસ્જિદ ટ્રસ્ટના પ્રમુખ હાજી ઈબ્રાહીમભાઈ મનમને એક યાદીમાં જણાવે છે.